## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*(રજત જયંતી વર્ષ)*

*ભાડૂતી ભીડ જોઈ, નશામાં બહુ ડોલવું નહીં!*
*‘દેશ’ના રાજયનું અપમાન જનક બોલવું નહીં!*
*ખોલવું ન ખાતું પ્રચારનું જયાં ત્યાં, રાખો વિવેક -*
*‘વડા’ જ નહીં, રાષ્ટ્રીય વડીલ છો એ ભૂલવું નહીં !*

હાઈકુ

*‘બંગાળ’ પણ,*
*- ચીન-પાકમાં નથી !*
*છે દેશમાં જ!!*

*બનાવો નહીં -*
*પ્રચારનું સાધન -*
*‘કર્તવ્ય-નિષ્ઠા’*

*(‘વિકાસ કામો’ તો રાષ્ટ્રીય ફરજ છે - વટાવાય નહીં)*

### ચિંતન

**નાસ્યગ્ને દૌર્બલ્યમ્ ।**

**ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.**

**અગ્નિ કયારેય દુર્બળ નથી હોતો.**

**અગ્નિના એક નાના તણખલામાંયે અસીમ શક્તિ હોય છે.**

**અને એ તણખો વિશાળ જંગલોને સળગાવી ખાખ કરી મૂકતા દાવાનળમાં કયારે રૂપાંતર પામે છે. એ કોઈ કહી શકતું નથી. એવી જ રીતે રાજા ભલે સામાન્ય માનવી લાગતો હોય પણ એની શક્તિ અસીમ અને જલદ હોય છે. તે ક્રોધે ભરાય તો પળવારમાં જનજીવનમાં ખેદાનમેદાન કરી શકે છે. આથી રાજાનો નિરાદર ના કરવો જોઈએ.**

**કોઈ પણ જીવ - ભલે નાનું જંતુ કેમ ન હોય - કોઈનો નિરાદર ન કરવો દરેકમાં કોઈને કોઈ શક્તિને ગુણ હોય જ છે અને સમય આવે તે પાંગરી ને મહાન પણ થઈ શકે છે.**

**સામાન્ય માનવી રાજા થઈ શકે અને તેની શક્તિ વડે મહાસત્તા પણ થઈ શકે.**

### સુવિચાર

- કચેરી માંહિ કાજીનો નથી હિસાબ કોડીનો...
  જગત કાજી બનીને તું વ્હોરી ના પીડા લે જે - **હરીશ દ્વિવેદી**
- જે કમાય છે તે ઉદ્યોગી વ્યક્તિ છે,
  જે વાપરે છે તે ભૌતિક રીતે સજ્જ છે,
  પરંતુ જે કોઈને આપે છે તે પ્રભુના આશીર્વાદ પામેલ વ્યક્તિ છે - **જયોર્જ હર્બટ**
- જીવનમાં પ્રાપ્ત કરેલ સમગ્ર જ્ઞાનનું પરિણામ એક જ હોવું જોઈએ અને તે છે નેકી અને સદ્ગુણોથી ભરેલું સુંદર કાર્ય - **સર પી. સિડની**
- અહલ્યા હોય, કેવટ હોય કે શબરી - જટાયુ હોય... મળે છે આવીને ઈશ્વર, લલાટે જે લખાયું હોય - **એસ. ભટ્ટાચાર્ય**
- મિત્રો કેટલા છે એના કરતાં કેવા છે એ મહત્ત્વનાં છે, કારણ કે એના કરતાં કેવા છે એ મહત્ત્વનું છે, કારણ કે એક સો કિલો લોખંડ કરતાં, એક તોલા સોનાની કિંમત વધારે હોય છે - **બોધિવૃક્ષ**
- ચૂપ રહને કા તરીકા સિખ લીયા હમને, અકસર ખુદ હી પર ચીખ લીયા હમને - **દુષ્યંત કુમાર**
- આજનું ઔષધ : પાષાણભેદના પાનને ચાવીને સવાર - સાંજ તેનો રસ થુંકી નાખવો. મોં ના ચાંદામાં તરત રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

તમે નીચે જોઈને રસ્તા પર ચાલતા હશો તો લોકો રહેશે કે હવે તો ઊંચું જોતાં જ નથી... અને તમે ઉપર જોઈને ચાલશો તો કહેશે : ‘હવે તો એ અભિમાની થઈ ગયા. નીચું જુએ છે જ કયાં??’

ચારેબાજુ જોઈને ચાલશો તો કહેશે, ‘આંખોનું ઠેકાણું જ કયાં છે?’ આંખો બંધ કરી દેશો તો વળી કહેશે : ‘આ તો ચોવીસે કલાક ભજન જ કર્યા કરે છે.’

આંખો ફોડી નાખશો તો કહેશે : એ તો કરેલાં કર્મના ફળ !! ભાઈ ભોગવવા જ પડે !! એમાં કોઈ છૂટકો નથી. આ તો સંસાર! લોકસાગર!! એને ના પહોંચાય. લોકસાગરમાં લોકો સ્નાન કરે, પાવન થવા લાખ પ્રયત્ન કરે છતાં લોકોને જીતી શકાતા નથી. એટલે જ કવિએ ગાયું છે :

‘દુનિયા દો રંગી કહેવાય, એના ભરોસે ના રહેવાય,
આજે બેસાડે હાથી ને ઘોડે, ફૂલડે વધાવા એ જાય,
બહાનું મળે જો આવતીકાલે, ગધેડે બેસાડીને ગાય,
રામભરોસે ગાડું હાં કો તો ભવસાગર પાર ઉતરાય.’

# નામકરણનો વિવાદ નિરર્થક છે

**તંત્રીસ્થાનેથી...**

મોટેરા સ્ટેડિયમને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરીકે નવા નામે ઓળખાવવાના ગુજરાત ક્રિકેટ એસોસિએશનના નિર્ણય સામે વિપક્ષ કોંગ્રેસ સહિત ઘણાં વર્તુળોએ ઊહાપોહ શરૂ કર્યો છે. સરદાર પટેલ નામે ઓળખાતું એક સ્ટેડિયમ તો અમદાવાદમાં હતું જ. બીજા સ્ટેડિયમને પણ સરદાર પટેલના નામે જ ઓળખાવવાનું ગુજરાત ક્રિકેટ એસોસિએશનના ધુરીણોને ઊચિત નથી લાગ્યું. અલબત્ત, આખા વિશાળ સ્પોર્ટ્સ સંકુલને તો સરદાર પટેલનું નામ સાંપડ્યું જ છે. નરેન્દ્રભાઈ કલ્પનાશીલ રાજપુરુષ છે. પોતાના હોમ સ્ટેટમાં એમના જેવા સમર્થ નેતા અને ક્રિકેટપ્રેમીનું નામ વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમ સાથે જોડાય એથી એ જરૂર રાજી જ થયા હશે. એમની એસોસિયેશનના પૂર્વ પ્રમુખ તરીકે સક્રિય ભૂમિક પણ રહી છે અને નરહરિ અમીન કે અમિત શાહ જેવા એના પૂર્વ કર્ણધારોએ એમની છત્રછાયા સ્વીકારેલી છે. આથી જો ચેલાઓ ગુરુનું જીવતેજીવ જગતિયું કરવા માગતા હોય તો ગુરુએ હળવું સ્માઈલ આપી એમની મંજૂરી વ્યક્ત કરી દીધી હોય તે બનવાજોગ છે. આખરે એમની નારાજગી વહોરીને નામ ચડાવવાનું દુ:સાહસ તો ભાગ્યે જ ક્રિકેટ એસોસિયેશન સાથે સંકળાયેલ કોઈ પણ વ્યક્તિ કે રાજનેતા કરી શકયો હોત. સરદાર પટેલનું નામ નર્મદા સરોવર ડેમથી લઈ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને નવરંગપુરાના ક્રિકેટ સ્ટેડિયમથી લઈ મોટેરા સ્પોર્ટ્સ સંકુલ સાથે જોડાયેલં છે. સરદારની વિશ્વપ્રસિદ્ધ પ્રતિમાએ તો સ્ટેચ્યૂ ઓફ લિબર્ટીને પણ ઝાંખી પાડી દીધી છે. આ સપનું પણ નરેન્દ્ર મોદીનું સ્તો; પ્રેરણા ભલે સ્વામિ સચ્ચિદાનંદે આપી હોય. હવે નરેન્દ્ર મોદીના શાસનનો ઉત્તરાર્ધ શરૂ થયો છે. દાઢી વધારીને એમને આવનારાં વર્ષો દરમિયાન ગમે ત્યારે ઓચિંતો ક્ષેત્રસંન્યાસ લેવાનો સંકેત તો પાઠવી જ દીધો છે. શું દુનિયામાં એવો કોઈ નિયમ છે કે જીવતા માણસનું નામ કોઈ જાહેર સ્થળ કે માર્ગ સાથે ન જોડી શકાય ? નરેન્દ્ર મોદીએ દિલ્હીના કોઈ રાજમાર્ગનું જૂનું નામ બદલીને પોતાનું નામ ચડાવ્યું હોત તો આવો ઊહાપોહ થોડો વાજબી લાગત. પરંતુ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી કહે છે એમ સ્ટેડિયમનું કોઈ નામ જ નહોતું - એ તો ફક્ત લોકોની માન્યતા હતી! ટ્રમ્પનું એ સ્ટેડિયમમાં ભવ્ય બહુમાન થયું હતું ત્યારે એનું ઉદ્ઘાટન થયું નહોતું. પરંતુ હાર્દિક પટેલ જેવા સરદાર પ્રેમીઓ કે કોંગ્રેસ જેવી સરદાર - ગાંધી - નહેરુની પાર્ટીના ભગ્નાવશેષ સમી રાજકીય પાર્ટીઓ ઊહાપોહ હાથીની ગતિને થોડો અટકાવી શકે?

# અંધારું ઊલેચતી દીવડી - મંદોદરી

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

પાંચ પુણ્યશાળી નારીઓમાં મંદોદરીનો સમાવેશ છે. આ પાંચને હંમેશા સ્મરણમાં રાખી હોય, તો મહાપાપમાંથી પણ ઉગરી જવાય.

(૧) રાવણ અશોકવનમાં સીતા



પાસે જતો હતો. મંદોદરી એની સાથે ગઈ. સીતા આડું ફરી ગઈ અને આગળ ઘાસનું તણખલું મૂકી દીધું. રાવણ એને પ્રલોભનો આપતો હતો. સીતાએ કહ્યું, ‘હું તને મારા તપનાં તેજથી બાળી નાખું એમ છું. પરંતુ મારે મારી તપસ્યા આ રીતે વેડફવી નથી.’

રાવણને ભયંકર ક્રોધ થયો. સીતાનો શિરચ્છેદ કરવા, હવામાં તલવાર વીંઝી. મંદોદરી એનો હાથ પકડી લીધો અને અટકાવ્યો. એને સમજાવ્યું - એને તમારે માટે તિરસ્કાર જ છે, તો એનો મોહ શા માટે રાખો છો? મને તમારા માટે પ્રેમ છે. તમે મારી સાથે આનંદ લો. આમ પણ અબળા નારીની હત્યા મહાપાપ છે.

(૨) શ્રીરામની સેના સમુદ્ર પાર કરીને લંકામાં આવી ગઈ હતી. મંદોદરી, રાવણનો હાથ પકડીને અંતઃપુરમાં લઈ ગઈ. એને આજીજી કરીને વિનવવા લાગી. ‘તમે શ્રીરામ સાથેનું વૈર છોડી દો. સીતા એને પાછી સોંપી દો. થનારા યુદ્ધને અટકાવી દો. રામ તમને માફ કરી દેશે. આમાં તમારું અને સાથે મારું તેમજ સમગ્ર રાજયનું કલ્યાણ છે.’ રાવણે અહંકારથી કહ્યું, ‘આવા હજાર રામ આવે. તો પણ મારો વાળ પણ વાંકો કરી શકે એમ નથી.’ મંદોદરી મનમાં બોલી - ‘વિનાશકાળે વિપરીત બુદ્ધિ.’

(૩) મહેલની ઊંચી અગાશીમાં અપ્સરાઓનું નૃત્ય ચાલું હતું. રાવણ પોતાના પરિવાર સાથે આનંદ સાથે જોઈ રહ્યો હતા. એવામાં સરસરાટ કરતું એક બાણ આવ્યું. એક જ બાણથી રાવણનું છત્ર ઊડી ગયું, મુકુટ પડી ગયો. અને મંદોદરીનાં કુંડળ છૂટા પડી ગયા. મંદોદરી થથરી ગઈ. એણે કહ્યું, ‘આ અશુભ સંકેત છે. તમારો છત્રભંગ અને મારું વૈધ્વવ.’ બાણ ઉપર લખ્યું હતું ‘દાશરથિ રામ.’

(૪) યુદ્ધ ચાલુ થઈ ગયું હતું. મેઘનાદનો વધ થયો. એની પત્ની અને રાવણની પુત્રવધૂ સતી સુલોચના હતી. તે રોલી કકળતી મંદોદરી પાસે આવી. એણે કહ્યું, ‘મેઘનાદનું ધડ રણભૂમિ ઉપર છે , હાથ મારી પાસે છે અને મસ્તક શ્રીરામ પાસે છે.’ મંદોદરીએ એને સમજાવી - ‘તું શ્રીરામ પાસે કોઈ પણ જાતના સંકોચ રાખ્યા વગર જા. એને વિનંતી કર. તને મસ્તક આદરપૂર્વક સોંપી દેશે. મને એનામાં વિશ્વાસ છે દીકરી ! આ રાવણે તો પોતાની દુર્ગતિ જાતે જ ઊભી કરી છે.’

(૫) રાવણનો વધ થયો.એના મૃતદેહ પાસે બેસીને મંદોદરીએ વિલાપ કર્યો. ‘શ્રીરામને તમે સામાન્ય માણસ જ સમજતા રહ્યા. મેં તમને વારંવાર વિનંતીઓ કરી હતી કે સીતાને સોંપી દો અને વૈર છોડી છો. તમે ધરાર ન માન્યા. તમે ગ્રહોની ગતિ બદલાવી શખો એવા હતા, તે આજે આ રીતે પડ્યા છો. પરંતુ શ્રીરામને હાથે તમે દેહ છોડ્યો છે; એટલે તમને સદ્ગતિ જ હોય.’

# ભારતના કયા રાજયમાં હિન્દુઓને લઘુમતીનો દરજ્જો પ્રાપ્ત છે ?

ખજાનો
અનિલ પટેલ

### ભારતની ભૂગોળ

૧ ભારત નીચેનામાંથી શાના ઉત્પાદનમાં વિશ્વમાં સૌથી અગ્રેસર છે?
(અ) કોલસાના (બ) મેગેનીઝના
(ક) ચામડાના (ડ) અબરખના

૨ ભારતમાં સર્વાધિક સંખ્યાવાળી જનજાતિ કઈ છે ?
(અ) સંથાલ (બ) ઉરાવ
(ક) ભીલ (ડ) ગોંડ

૩ હિન્દ મહાસાગરમાં સૌથી મોટો દ્વીપ કયો છે ?
(અ) સુમાત્રા (બ) શ્રીલંકા
(ક) માલદીવ (ડ) મેડાગાસ્કર

૪ ભારતના કૃષિ ઉત્પાદનમાં નોંધપાત્ર એવો બટાટાને કોણ લાવ્યું હતું ?
(અ) અંગ્રેજો (બ) પોર્ટુગીઝો
(ક) આરબો (ડ) જર્મનો

૫ હૈદરાબાદ કઈ નદીના કિનારે વસેલું છે ?
(અ) કિષ્ણા (બ) કાવેરી
(ક) મૂસી (ડ) તુંગભદ્રા

૬ વિંધ્ય અને સાતપુડાના પહાડોમાંથી કઈ નદી નીકળે છે ?
(અ) નર્મદા (બ) મહી
(ક) તાપી (ડ) ચંબલ

૭ ‘પેલેસ ઓન વ્હીલવાળુ’ ભારતનું પ્રથમ રાજય કયું છે ?
(અ) રાજસ્થાન (બ) ગુજરાત
(ક) કર્ણાટક (ડ) મહારાષ્ટ્ર

૮ ભારતનું કયુ ફુલ સૌથી વધુ વ્યાપારીક રીતે ઉપયોગી છે ?
(અ) કમળ (બ) સૂર્યમુખી
(ક) ગુલાબ (ડ) મેરીગોલ્ડ

૯ મેકમોહન લાઈન કયાં છે ?
(અ) ભારત-ચીન સીમા (બ) ભારત - પાકિસ્તાન સીમા
(ક) ભારત - નેપાળ સીમા (ડ) ભારત-બાંગ્લાદેશ સીમા

૧૦ ભારતના કયા રાજયમાં હિન્દુઓને લઘુમતીનો દરજ્જો પ્રાપ્ત છે ?
(અ) કેરળ (બ) અરુણાચલ પ્રદેશ
(ક) જમ્મુ-કાશ્મીર (ડ) દીવ

૧૧ નીચેનામાંથી કયુ સ્થળ દક્ષિણ ધ્રુવ પ્રદેશમાં ભારતનું કાયમી પ્રયોગ કેન્દ્ર છે ?
(અ) હેમકુંડ (બ) ધ્રુવ
(ક) દક્ષિણ ગંગોત્રી (ડ) ધવલગીરી

૧૨ સિમ્લીપાલ વાઘ અભ્યારણ્ય કયાં આવેલ છે ?
(અ) મયૂરગંજ (બ) બસ્તર
(ક) બેલગામ (ડ) નેલ્લૂર

૧૩ ભારતના કયા શહેરને ‘ઈલેકટ્રોનિક સીટી’ તરીકે ઓળખવામાં આવે છે ?
(અ) અમદાવાદ (બ) કોલકાત્તા
(ક) બેંગ્લોર (ડ) ચેન્નાઈ

૧૪ ભારતમાં આવેલી તેલ રિફાઈનરીઓ પૈકી કઈ સૌથી જૂની છે ?
(અ) કોયલી (બ) દિગ્બોઈ
(ક) નૂનમતી (ડ) બરૌની

૧૫ ભારતમાં કયા વિસ્તારની જમીન લાવારસની બનેલી છે ?
(અ) હિમાલય (બ) દક્ષિણનો ઉચ્ચપ્રદેશ
(ક) સતલુજ (ડ) ગંગાના મેદાન

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૬ ફેબ્રુઆરી :
  - ફ્રાન્સના જાણીતા સાહિત્યકાર વિકટર હ્યુગોનું નિધન (૧૮૮૫)
  - અમેરિકન મ્યુઝિશિયન જોની કેશનો જન્મદિવસ (૧૯૩૨)
  - અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર આતંકવાદી હુમલો (૧૯૯૩)
  - અમેરિકન કોંગ્રેસે ગ્રાન્ડ કેનિયોન નેશનલ પાર્ક નોર્થ વેસ્ટર્ન એરીઝોનામાં શરૂ કર્યો (૧૯૧૯)
- ૨૭ ફેબ્રુઆરી :
  - ચિલી દેશમાં ૮.૮ તીવ્રતા સાથે ભૂકંપ અને સુનામી આવી (૨૦૧૦)
  - જાણીતા અમેરિકન ફિલ્મ અભિનેતા લિયોનાર્ડો નિમોઈનું અવસાન (૨૦૧૫)
  - ક્રાંતિવીર ચંદ્રશેખર આઝાદનું નિધન (૧૯૩૧)
  - ગોધરા કાંડ દિવસ (૨૦૦૨)
- ૨૮ ફેબ્રુઆરી : રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ
  - વિશ્વ વિખ્યાત કેનેડિયન - અમેરિકન આર્કિટેક ફ્રેન્ક ઓ ગેહરીનો જન્મદિવસ (૧૯૨૯)
  - રામન કિરણોના શોધક સી.વી. રામનને આ દિવસે શોધ પુરી કરી (૧૯૩૦)
  - ધ્રુવાખ્યાનકાર બાલમુકુંદ મણીશંકર દવેની પુણ્યતિથિ (૧૯૯૩)
  - બીજા વિશ્વયુદ્ધ પછી જાપાનીઓએ જાવા નામના ટાપુ પર રહેવાનું શરૂ કર્યું (૧૯૪૨)
- ૧ માર્ચ :
  - ઈતિહાસકાર આર્લોન્ડ ટોયન્લીનો જન્મદિવસ (૧૮૮૯)
  - સાહિત્યકાર જયંતિ પાઠકની પુણ્યતિથિ (૨૦૦૩)
  - વિશ્વના પ્રથમ નેશનલ પાર્કની અમેરિકામાં સ્થાપના (૧૮૭૨)
  - લુથીનીયા દેશના પ્રેસીડેન્ટ ડાલિયા ગેરીબેસ્કાઈટનો જન્મદિવસ (૧૯૫૬)
- ૨ માર્ચ : કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષાબળનો સ્થાપના દિવસ
  - નોર્થ આફ્રિકન દેશ મોરોક્કન સ્વતંત્ર કરાયો (૧૯૫૬)
  - સરોજીની નાયડુની પુણ્યતિથિ (૧૯૪૯)
  - ખુબ જ જાણીતી એનીમેટેડ ફિલ્મ કિંગ કોંગ રજૂ થઈ (૧૯૩૩)
  - ઈંગ્લીશ નવલકથાકાર ડી.એચ. લોરેન્સનું અવસાન (૧૯૩૫)
- ૩ માર્ચ :
  - ભારતના ઉર્વાચીન ઉદ્યોગના પ્રણેતા જમશેદજી ટાટાનો જન્મદિવસ (૧૮૩૯)
  - ટેલીફોનના શોધક પ્રો. એલેકઝેન્ડર ગ્રેહામબેલની જન્મજયંતિ (૧૮૪૭)
  - અમેરિકન સાહસવીર સ્ટીવ ફોસેસ્ટે ૬૭ કલાક ઉડ્ડયન કરીને પૃથ્વીનું પરિભ્રમણ કર્યું. (૨૦૦૫)
  - અમેરિકન એથલેટ જેકી - જોનર કેરસીનો જન્મદિવસ (૧૯૫૨)
- ૪ માર્ચ :
  - ગુજરાતમાં આકાશવાણી કેન્દ્રની સ્થાપના અમદાવાદમાં થઈ (૧૯૪૯)
  - સાઉથ આફ્રિકન સિંગર મિરીયમ માકેબાનો જન્મદિવસ (૧૯૩૨)
  - કેનેડિયન જયુરીસ્ટ બેરથા વિલ્સન સુપ્રિમ કોર્ટના પ્રથમ મહિલા જજ બન્યા (૧૯૮૨)
  - અમેરિકન પ્રેસીડેન્ટ ફ્રેંકલીન રુઝવેલ્ટે બીજા વિશ્વયુદ્ધની જીત સેલીબ્રેટ કરી (૧૯૩૩)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

પોંડીચેરીના રાજયપાલ જેમણે તાજેતરમાં જ હોદ્દાનો ત્યાગ કર્યો તેમનું નામ શું ?
જવાબ : કિરણ બેદી

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા.કૉલેજ (૪) શિવાંગ બી પટેલ : સરગાસણ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) ઠાકોર કિરણ એચ : સે-૨૬ (૮) રુચિત એ પટેલ : રાંદેસણ

**આ સપ્તાહનો સવાલ**

પોંડીચેરીના એલ.જી. તરીકે હાલમાં કોને ચાર્જ આપવામાં આવ્યો છે ?

**‘ગાંધીનગર સમાચાર’- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ચૂંટણી... ચટણી... અને ફિલ્મી ગીતો વ્યક્ત કરે લાગણી

હળવે હૈયે
પ્રકાશ લાલા

‘ચૂંટણી પરિણામ આવ્યા છે
કહીં ખુશી, કહી ગમ છવાયા છે.’

રાજયની છ મનપાની ચૂંટણીઓ પતી ને હવે કોક માટે ધાર્યા ને કોઈક માટે અણધાર્યા - આંચકો આપનારાં એનાં પરિણામો ય બહાર પડી ચૂકયાં છે... જીતેલા જશ્ન ને હારેલા માતમ મનાવી રહ્યા છે.

ચૂંટણી શબ્દ સાથે જ કોણ જાણે અમને ઓવો બીજો શબ્દ ચટણી યાદ આવી જાય છે... કદાચ ચૂંટણી ને ચટણીને કોઈ સંબંધ હશે માટે સ્તો! ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત ને ત્રસ્ત ઉમેદવારો, એમના ટેકેદારો - કાર્યકરોને બિચારાઓને દોડાદોડીમાં ખાવાનાં (અહીં જીતી ગયા પછી જે ‘ખાવા’નું મળવાનું છે તેને ધ્યાને ન લાવવા કડક વિનંતી છે.) ઠેકાણાં નથી રહેતા એટલે પ્રચારની ભાગમભાગમાં સહેજ સમય મળે એ લોકોને ગોટા-ભજિયાં - ફાફડાં - સેન્ડવીચ વગેરેથી ચલાવી લેવું પડતું હોય છે અને આ બધામાં જોડે ચટણી તો હોવાની જ. આમ ચૂંટણી ટાંકણે ચટણીની બોલબાલા રહેતી હોય છે!!

અને, ચૂંટણી પરિણામો પછી તો ભલભળાના વટની ચટણી કયાં નથી થઈ જતી? હારેલા ઉમેદવારોની આશા-આકાંક્ષા - સેવેલાં સપનાંની ચટણી, ચૂંટણી પહેલાં ‘જો જો.... અમારો પક્ષ જંગી બહુમતીથી જીતવાનો’ ના દાવા કરનારાઓના ‘હુંકાર’ ની ચટણી, ચૂંટણી લડનારા તમામ ઉમેદવારો (જીતનારા ને હારેલા બધા જ) ના બેંક બેલેન્સની ચટણી (જો કે જીતેલા પછીથી પાછું પોતાનું બેંક બેલેન્સ તગડું કરવાની પ્રજાના પૈસાની ચટણી કરવાની તક ઝડપી લેતા હોય છે એ અલગ વાત છે...), પરિણામો અંગે છાતી ઠોકીને આગાહી કરનારાઓની આગાહીઓ ઊંધે માથે પટકાય ત્યારે તેમની વિશ્વસનીયતાની ચટણી, ટીવી ડિબેટમાં રાજકીય વિશ્લેષકોની અભ્યાસપૂર્ણ સમીક્ષાઓની ચટણી ને આ બધાના ‘સુપર’ તો ચૂંટાયેલા જીતેલા પ્રતિનિધિઓ પછીની ઝડપભેર સત્તા - પદના ‘નશા’માં પ્રજાને આપેલા વચનો, બતાવેલી લોલીપોપ યાદ નથી રાખતા ત્યારે નાગરિકો - મતદારોએ તેમનામાં મૂકેલા વિશ્વાસની જે રીતે ચટણી થતી રહે છે એ તો સૌથી વધુ જીભને અંતરને ચચરાવે એવી તીખી હોય છે...

બે એક સપ્તાહ પૂર્વે આ જ પાના ઉપર કટારલેખક મિત્ર પુલક ત્રિવેદીએ એમની ‘આત્મનાદ’ કોલમમાં આપણા જાણીતા કવિ શ્રી હર્ષ બ્રહ્મભટ્ટના ફિલ્મી ગીતકારો વિશેના પુસ્તક ‘એક અભિન્ન અનુબંધ’ વિશે વાતો કરી હતી.

આપણા દરેક સંબંધો, પ્રસંગો, તહેવારો, પ્રકૃતિ, સર્વ લાગણીઓ વિશે ફિલ્મી ગીતો લખાયા છે. આમ ફિલ્મી ગીતો માનવજીવન સાથે ગાઢ રીતે સંકળાયેલા હોવાની જ હર્ષભાઈએ એમનાં પુસ્તકનું નામ ‘અભિન્ન અનુબંધ’ રાખ્યું હોવાનું જણાવ્યું છે...

ફિલ્મી ગીતોને ‘ચૂંટણી’ સાથે સાંકળી લઈ શકાય. ઈલેકશન - રીઝલ્ટ જોતાં કેટલાંક ગીતો આમ યાદ આવ્યા વિના નથી રહેતા... જેમ કે હારેલા ઉમેદવાર ‘એક મુસાફિર એક હસીના’ ફિલ્મનું પેલું ગીત ગણગણશે : ‘મેરા સુંદર સપના બીત ગયા’ (મૈં ચુનાવ મેં સબ કુછ હાર ગયા...), અપક્ષ ચૂંટાયેલા કહેશે, ‘અકેલા હું મૈં, હમસફર ઢૂંઢતા હૂં.’ (ફિલ્મ ‘જાલ’)

દર વખતે ચૂંટણીમાં ઝૂકાવીને, ભવ્ય હારને વરવા છતાં હિંમત ન હારનાર ‘વીર’ ઉમેદવારનું ગીત તો આ જ હોય ને, ‘સો બાર જનમ લેંગે, સો બાર ફના હોંગે...’

જેનાં સૂપડાં આ વખતે મનપા ઈલેકશનમાં સાફ થઈ ગયા છે એ પક્ષે હવે ના કહેવું જોઈએ કે ‘હમ તો જાતે અપને ગાંવ, સબકો રામ રામ રામ...’ (દિવાના), સત્તા પક્ષના ખોળે બેસવા પાટલી બદલનારા માટે આ ગીત ફીટ બેસે છે : ‘મૈં ને રંગલી આજ ચુનરિયાં તેરે નામ કી...’ અને સત્તાધારી પક્ષ કહેશે : ‘આપ યુ હી અગર હમસે મિલતે રહે... (દેખીયે એક દિન માલામાલ હો જાયેંગે)

હારેલા ઉમેદવારો - પક્ષ રડતા રડતા ફિલ્મ ‘તીસરી કસમ’નું ગીત ગાઈ શકે કે ‘સજન વા બૈરી હો ગયે હમાર...’ અને છયે મનપામાં ભાજપના લહેરાતા પડચમને જોઈ આપણને ય ગાવું પડે કે ‘જીધર ભી મૈં દેખું ઉધર તું હી તું હૈ....’

પણ ઈચ્છીએ કે પ્રજાના વિજેતા પ્રતિનિધિઓ હવે વોટર્સને કદી ના હે કે ‘મતલબ નીકલ ગયા તો પહેરાનતે નહીં...’ બલકે એમ જ ગાતા રહે કે ‘જો તુમકો હો પસંદ વોહી બાત કરેંગે, તુમ દિન કો અગર રાત કહો રાત કહેંગે...’ મતલબ કે તમને વફાદાર રહીશું, આપેલા વચનો પૂરાં કરવા સંનિષ્ઠ - શુદ્ધ દાનતથી કાર્ય કરતાં રહીશું... અને આ કંઈ વધારે પડતું અમે નથી કહી દીધું ને?

● ● ●

નોબેલ પ્રાઈઝ વિજેતા સર્જક, નાટ્યકાર, વિવેચક જયોર્જ બર્ન્ટ્રાર્ડ શૉ રાજકારણ વિશેનાં વિધાનો...

‘રાજકીય જરૂરિયાત કેટલીકવાર રાજકીય ભૂલો બની જતી હોય છે.’ અને ‘જે પોતે કશું જાણતો ન હોવા છતાં વિચારે છે કે પોતે બધું જ જાણે છે તે રાજકીય કારકિર્દી બનાવવા માટે બરાબર છે.’